Divya Bhaskar (Gandhinagar)

Dt: 03/10/2025, Pg. no. 01

# નવા વર્ષના પ્રારંભે મેટ્રો રેલ મહાત્મા મંદિરે પહોંચશે : ટ્રાયલ રન સફળ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

રાજ્યના પાટનગરમાં મહાત્મા મંદિર સુધી સંપુર્ણ મેટ્રો રેલ સેવાનો લાભ નગરવાસીઓને નવા વર્ષથી મળશે. જોકે નગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ આપવા માટે દશેરા દિવસે યોજાયેલો ટ્રાયલ રનની સફળતા ઉપરથી લાગી રહ્યું છે. આથી મેટ્રો રેલ સેવા સચિવાલયથી આગળ વધીને મહાત્મા મંદિર સુધીનું નગરવાસીઓને મળી રહેશે. આથી અમદાવાદથી ગાંધીનગર સુધીના 68 કિમીના મેટ્રો રેલ લાઈનમાં આવેલા કુલ-53 સ્ટેશનો આગામી નવા વર્ષથી કાર્યરત થઈ જશે.

મેટ્રો રેલને મહાત્મા મંદિર સુધી લઈ જવાનો પ્રોજેક્ટ હાલમાં અંતિમ તબક્કામાં ચાલી રહ્યો છે. તેમાં મેટ્રો રેલ લાઈન મહાત્મા



મંદિર સુધી નાંખી દેવામાં આવી છે. ઉપરાંત તેની સાથે સાથે એકાદ કિમીના અંતરે ઉભા કરાયેલા મેટ્રો રેલ સ્ટેશનનોની કામગીરી હાલ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. દિવાળી બાદ નવા વર્ષ પછી સંપૂર્ણ રૂટ પર મેટ્રો રેલ દોડતી થશે. આગામી સમયમાં અમદાવાદ મહાનગરપાલિકા સાહિત રાજ્યમાં પાલિકા- પંચાયતોની મોટાપાયે ચૂંટણી આવી રહી છે. 2026માં ગાંધીનગર મહાનગરપાલિકાની પણ ચૂંટણી યોજાનાર છે ત્યારે મેટ્રો રેલની કામગીરીમાં ઝડપ લવાઈ છે. દશેરાના દિવસે જ મેટ્રો રેલ સેવા સચિવાલયથી આગળ વધીને અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-16, સેક્ટર-24 અને મહાત્મા મંદિર સુધીનો ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. ટ્રાયલ રન બાદ મેટ્રો રેલ સેફ્ટી કમિશ્નરની જરૂરી મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવશે. મંજૂરી બાદ મેટ્રો રેલ સેવા નવા વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી વધુ એક ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહેશે.

પ્રદુષણ અને ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે નગરવાસીઓ માટે મેટ્રો રેલ સેવા આશીર્વાદ સમાન બની રહેશે. ગાંધીનગરથી અમદાવાદ અને અમદાવાદથી ગાંધીનગર વચ્ચે દરરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વેપારી વર્ગ અપડાઉન કરે છે.